મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૨૧ ટકા
ગાંધીનગર તાપમાન

ગાંધીનગર કેસર કેરીની હજુ રાહ જુએ છે

ગાંધીનગર, તા.૧૦

ઉનાળો વેકેશન અને સાથે સાથે કેરીની સિઝન પણ આવી ગઈ છે. નાનાથી લઈ મોટેરાઓને કેરી પ્રત્યે એક સરખો જ લગાવ હોય છે. બજારમાં કેરી વેચાવાની શરૂઆત થઈ ચુકી છે પરંતુ હજુ જોઈએ તેવા ફળ નથી મળી રહ્યા જેથી શહેરીજનોને થોડી રાહ જોવી પડશે. વેપારીઓના કહ્યા મુજબ હાલના દિવસોમાં ઊનાની કેસર કેરી બજારમાં ઉપલબ્ધ છે. જેનો ભાવ ૮૦૦ થી ૧૦૦૦ રૂપિયા સુધીનો છે તથા હાફુઝ જે ૫૦૦ થી ૫૫૦ રૂ. ૧૨ નંગ વેચાઈ રહી છે. આ ઉપરાંત બજારમાં રંગોલા, પાયરી, દેશી, તોતા, સુંદરી, ગોલા જેવી કેરી પણ ચલણમાં છે.

- ઉનાની કેસર - ૧૦૦/૧૨૦ રૂ. કિલો
- હાફુઝ - ૫૦૦/૫૫૦ રૂ. ડઝન
- પાયરી - ૧૦૦ રૂ. કિલો
- દેશી - ૬૦ રૂ. કિલો
- તોતા - ૬૦ રૂ. કિલો
- ગોલા - ૧૦૦ રૂ. કિલો
- સુંદરી - ૧૦૦ રૂ. કિલો
- બદામ - ૭૦ રૂ. કિલો

શહેરના માર્કેટમાં કેરી દેખા દઈ રહી છે ત્યારે શહેરીજનો પણ કેરીની ખરીદી કરવા માટે ઉત્સુક છે. બજારમાં કેરીના ભાવ ગયા વર્ષ કરતા ૨૦ ટકા જેટલા વધ્યા છે. ગાંધીનગરના કેરી વેચતા વેપારીઓના કહ્યા પ્રમાણે જેમ જેમ દિવસો આગળ જશે તેમ કેરીની ઉપલબ્ધી વધશે. શરૂઆતના દિવસોમાં કેરી તેટલી ઉપલબ્ધ નહતી એટલે ભાવ વધુ હતો પરંતુ જેમ તેમ કેરીનો માલ આવી રહ્યો છે તેમ તેમ ભાવમાં સહેજ ઘટાડો શરૂઆતના દિવસ કરતા થઈ ગયો છે. હાલમાં કેસર કેરી ૮૦૦ થી ૧૦૦૦ રૂપિયા વચ્ચે વેચાઈ રહી છે. જે ઊનાની કેસર કેરી છે. આ ઉપરાંત હાફુઝ ૧૨ નંગ રૂ. ૫૦૦થી ૫૫૦ રૂપિયામાં વેચાઈ રહી છે. વેપારીઓના કહ્યા મુજબ વલસાડની કેસર, ગીર, સોમનાથ, તલાલા, કોડીનાર અને કચ્છની કેરીને આવતા હજી ૫ થી ૧૦ દિવસ થશે. આ વાતાવરણ સાથે ગ્રાહકોમાં જલ્દી કેરી ખરીદવાની ઉત્સુકતા જોવા મળી રહી છે. જો કે હજુ જોઈએ તેવા ફળ ન મળતા ગ્રાહકોને સંતોષ નથી. ગ્રાહકો ખરી કેસર કેરીની રાહમાં છે છતાં બજારમાં મળતી કેરીનું વેચાણ થઈ રહ્યું છે.

સે-૪ ખાતે પરિવાર ધાબા પર સુવા ગયો...ને ચોર કળા કરી ગયા

સોના-ચાંદીના દાગીના અને રોકડા રૂ.૨૦ હજાર મળી કુલ રૂ.૩.૬૯ લાખની ચોરી કરી ચોર પલાયન

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના સેકટર-૪ સી ખાતે રહેતો પરિવાર ઉનાળાની ગરમીથી કંટાળીને ધાબા પર સુવા માટે ગયો હતો. ત્યારે રાત્રીના સમયે ચોર પોતાની કળા કરી ગયા હતા. ઘરમાં ઘુસીને ચોર સોના-ચાંદીના દાગીના તેમજ રોકડા મળીને કુલ રૂ.૩.૬૯ ની મત્તાની ચોરી પલાયન થઈ ગયા છે. ચોરીની ઘટનાને પગલે સ્થાનિક નાગરીકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

બનાવની મળતી વિગત પ્રમાણે ગાંધીનગર શહેરના સેકટર-૪ સી ખાતે પ્લોટ નં. ૧૨૪૫-૨ માં રહેતા પુરૂષોતમભાઈ બબાભાઈ જાદવ ચાર માસ પહેલા જ નવા સચિવાલય ખાતે નાયબ સેકશન ઓફીસર પદેથી વય નિવૃત થયા છે. પુરૂષોતમભાઈ તેમના પત્ની, બે પુત્રો અને પુત્રી સાથે રહે છે અને ગુરૂવારના રોજ પરિવાર સાથે ધાબા પર સુવા માટે ગયા હતા. ત્યારે ધાબા પર સુવા ગયેલા પરિવારના તકનો લાભ ચોર ઈસમોએ ઉઠાવ્યો હતો. રાત્રીના સમયે તસ્કરોએ લાકાડના દરવાજાનો નકુચો તેમજ લોખંડની ગ્રીલનો નકુચો તોડીને અંદર પ્રવેશ્યા હતા અને તિજોરીમાંથી દાગીના અને રોકડ ચોરી રાત્રીના અંધકારમાં ગાયબ થઈ ગયા હતા. સવારના સમયે ઘરનો દરવાજો ખુલ્લો જોતા પરિવારના સભ્યોને પાડોશીએ જગાડ્યા હતા. જેથી પરિવારે નીચે આવી ઘરમાં ચેક કરતા તસ્કરોએ ઘરમાં પડેલી તિજોરીનું તાળુ તોડીને સોનાની ચેઈન, પાટલા, નેકલેસ, બુટ્ટી, કાનનો સેટ, સોનાની ચાર વીંટી, ચાંદીના કેડ કંદોરા, ચાંદીના ચોટલા, હાથના પંજા જેવા કુલ રૂ.૩.૪૯ ની કિંમતના દાગીના અને રોકડ રૂ. ૨૦ હજાર રોકડા ગાયબ હતા. ચોરી થયાની જાણ થતા સ્થાનિક નાગરીકોમાં પણ ભય ફેલાયો હતો.

પેથાપુરમાં સામ-સામે બાઈક ટકરાતા એકનું મૃત્યુ

ગાંધીનગર પાસે આવેલા પેથાપુર ગામના વિસ્તારમાં ગુરુવારના રોજ રાત્રીના સમયે સામ-સામે બાઈક ટકરાતા એક યુવાનનું મૃત્યું નિપજ્યુ છે, જયારે એક યુવાનને ગંભીર ઈજાઓ પહોંચી છે. બનાવ અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ પેથાપુરના ફતેપુરા ખાતે રહેતો યુવક સંજયજી લાલાજી ઠાકોર પોતાના નાનાભાઈ કરણજી સાથે ગુરુવારના રોજ રાત્રીના સુમારે પોતાના કામઅર્થે બહાર નીકળ્યા હતા. રાત્રીના ૯ કલાકે પેથાપુરથી ફતેપુરા તરફ જતા સામેથી આવતા એક બાઈક સાથે તેઓનું બાઈક ધડાકાભેર ટકરાયું હતું. જેમાં બાઈક ચલાવી રહેલા સંજયજીને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જયારે સામે ભટકાયેલા જી.જે.૧૮.સી.બી.૮૩૩૭ ના ચાલકને પણ શરીરે ઈજાઓ પહોંચી હતી. બે બાઈક સામસામે ટકરાતા થયેલા અવાજને પગલે સ્થાનિક નાગરીકો દોડી આવ્યા હતા અને બંન્ને ઘાયલોને ૧૦૮ મારફતે તાત્કાલીક ગાંધીનગર સિવિલ ખાતે સારવાર માટે મોકલી આપ્યા હતા. જયા ફરજ પરના ડોકટર દ્વારા સંજયજીને મૃત જાહેર કરાયા હતા. જયારે સામે ટકરાયેલા બાઈક ચાલકને પણ ગંભીર ઈજા પહોંચતા તેને અમદાવાદ ખાતે વધુ સારવાર માટે લઈ જવાયો હતો.અકસ્માતમાં બચી ગયેલા અને મૃતક સંજયજી પાછળ બેઠેલા તેમના ભાઈ કરણની ફરીયાદના આધારે પેથાપુર પોલીસે જી.જે.૧૮.સી.બી.-૮૩૩૭ ના બાઈક ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આજે વિના મૂલ્યે જયોતિષી માર્ગદર્શન કેમ્પ

ગાંધીનગર, તા.૧૦

વાઘેશ્વરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આજે વિના મૂલ્યે જયોતિષીય માર્ગદર્શન કેમ્પ સવારે ૧૦ થી ૧૨.૩૦ તથા સાંજે ૪ થી ૭ કલાક દરમિયાન કુડાસણ સ્થિત હરીગોલ્ડ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૧૨૧ ખાતે યોજશે. કેમ્પમાં હસ્તરેખા, કુંડળી, અંકશાસ્ત્ર, ટેરોટ કાર્ડ, પ્રશ્ન કુંડળી, પેન્ડુલમ, રમલશાસ્ત્રનું સચોટ વિનામૂલ્યે માર્ગદર્શન આપવામાં આવશે. શહેરીજનોને આ કેમ્પનો લાભ લેવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

ગાધીનગર બ્રાહ્મણ મિત્ર મંડળ દ્વારા જૂન માસમાં જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૧૦

બ્રાહ્મણ મિત્ર મંડળ ગાંધીનગર દ્વારા ફકત ગાંધીનગરના બ્રાહ્મણો માટે નિઃશુલ્ક જીવનસાથી પસંદગી સંમેલન જુન મહિનામાં ગાંધીનગર ખાતે યોજાનાર છે. જેના ફોર્મ બ્રહ્માણી સ્ટેશનરી, મીનાબજાર સે-૧૦ અને પ્લોટ નં. ૧૧૬૭, બી-૨ સે-૪ ખાતે ઉપલબ્ધ છે તથા વધુ માહિતી માટે સંસ્થાના અગ્રણી કેતન ઉપાધ્યાય ૯૩૭૬૧ ૩૧૬૦૩ને સંપર્ક કરવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

ચિલોડા પાસે રાજસ્થાન પરિવહનની બસની ટક્કરે બાઈક ચાલકનું મૃત્યુ

યુવાન ગીફટસીટીમાં સિક્યુરીટી તરીકે ફરજ બજાવતો હતો

ગાંધીનગર, તા.૧૦

ચિલોડા પાસે આવેલી હોટલ નાઈટ ક્વીનની સામે ગુરુવારની રાત્રીના સુમારે રાજસ્થાન પરિવહનની બસે બાઈક ચાલકને પાછળથી ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક ચાલક યુવાનનું મૃત્યું નિપજ્યું હતું. યુવાન ગીફટ સીટી ખાતે સિક્યુરીટીમાં ફરજ બજાવતો હતો અને ફરજ પૂર્ણ કરી દહેગામના પાટનાકુવા ગામે ઘરે જઈ રહ્યો હતો તે સમયે અકસ્માત સર્જાયો હતો. બનાવ અંગે પોલીસે ફરીયાદ લઈ વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ દહેગામના પાટનાકુવા ખાતે રહેતો ૨૧ વર્ષિય યુવક અજય બાબુભાઈ ઠાકોર ગાંધીનગર ખાતે આવેલી ગીફટસીટીમાં પ્રાઈવેટ સિક્યુરીટીમાં ફરજ બજાવતો હતો. ગુરુવારના રોજ રાત્રે ૨૪ કલાકની નોકરી પુરી કરીને યુવક બાઈક લઈને ઘર તરફ જઈ રહ્યો હતો. ત્યારે ચિલોડા પાસે આવેલી નાઈટ ક્વીન હોટલ સામે અમદાવાદ તરફથી આવી રહેલી રાજસ્થાન પરિવહન નિગમની બસના ચાલકે બાઈકને પાછળથી ટક્કર મારી હતી. જેમાં બાઈક ચાલક યુવાન માર્ગ પર પટકાતા તેને માથાના અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું બનાવ સ્થળે જ મૃત્યું નિપજયું હતું. બનાવને પગલે બસ નં. આર.જે.૦૯.પી.એ.-૪૫૭૮ નો ચાલક બસ મુકીને ફરાર થઈ ગયો હતો. ચિલોડા પોલીસે મૃતક યુવાનના પિતા બાબુભાઈ શંકરભાઈ ઠાકોરની ફરીયાદને પગલે બસના ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

રાજસ્થાનથી અમદાવાદ આવતી લકઝરી બસમાંથી બિયરનો જથ્થો ઝડપાયો

૩૩૬ બિયરના ટીન કિ. ૩૩,૬૦૦ તેમજ રોકડ, મોબાઈલ અને લકઝરી બસ મળી કુલ ૨૦,૭૭,૨૯૦ ના મુદ્દામાલ સાથે બે ઈસમોની અટકાયત

ગાંધીનગર, તા. ૧૦

રાજસ્થાન થી અમદાવાદ તરફ આવી રહેલી લકઝરી બસને રોકી તપાસ કરતા તેમા લઈ જવાતા બીયરના ૩૩૬ ટીન, રોકડ, મોબાઈલ અને લકઝરી બસ સહિત કુલ રૂ. ૨૦,૭૭,૨૯૦ ના મુદ્દામાલ સાથે બે ઈસમોની અટકાયત એલસીબી પોલીસ દ્વારા કરવામાં આવી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ શુકવારના રોજ એલસીબી પીએસઆઈ એચ.કે.સોલંકી અને ટીમના સભ્યોએ ચિલોડા સર્કલ પાસે રાજસ્થાન થી અમદાવાદ આવતી એક લકઝરી બસને રોકી પાડી હતી. બસમાંથી પેસેન્જરને નીચે ઉતારી લકઝરી બસની ચકાસણી કરતા બસના પાછળના ભાગે આવેલ સામાનની ડેકીમાંથી બીયરનો જથ્થો મળી આવ્યો હતો. ગાંધીનગર એલસીબી ટીમના સભ્યોએ બિયરના ટીન નં-૩૩૬ કિં.રૂ. ૩૩,૬૦૦ તેમજ રોકડ રૂ.૩૩,૧૯૦ સાથે ભેરૂસિંહ રામસિંહ રાવત ઉં.વ.૩૪ રહે.ઢાણીયા તા. માંડલ, જી.ભીલવાડા, થાના કરેડા રાજસ્થાન અને શંકરલાલ થાનાલાલ રાયકા (રબારી) ઉં.વ.૩૦ રહે.ગોંવિદપુરા તા.માંડલ જી.ભીલવાડા, રાજસ્થાન થાના બાગોર ને પકડી પાડ્યા હતા. આ બંન્ને શખ્સો બસમાં ગેરકાયદેસર રીતે બીયરનો જથ્થાની હેરાફેરી કરતા પકડાઈ જતા તેમની પાસેથી મોબાઈલ ફોન નં.૩, રૂ. ૧૦,૫૦૦ લકઝરી બસ કિં.રૂ. ૨૦,૦૦,૦૦૦ ગણી કુલ રૂ. ૨૦,૭૭,૨૯૦ નો મુદ્દામાલ એલસીબીએ કબ્જે કરી ચિલોડા પોલીસ મથકે પ્રોહિબિશનનો ગુનો નોંધાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઘાટલોડીયાથી સરઢવ સતત ૮મા વર્ષે પદયાત્રા યોજાશે

ગાંધીનગર, તા.૧૦

સરઢવ પદયાત્રા સંઘનું સતત આઠમા વર્ષે આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૧મી મેના રોજ સાંજે ૬ કલાકે કમલેશભાઈ બાબુલાલ પટેલના નિવાસસ્થાનેથી ઈ-૫ શાયોનાસિટી વિભાગ-૪ ઘાટલોડીયાથી સરઢવ વારાહી માતાજીના મંદિર સુધી ૪૦ કિમીની પદયાત્રા યોજાશે. જેમાં સરઢવના રહીશો સાથે સમાજના સભ્યો ભાગ લેશે, સંસ્થાના જણાવ્યા મુજબ પરત આવવા માટે બસની વિના મૂલ્યે વ્યવસ્થા પણ રાખવામાં આવેલી છે.

સે-૨૪ જવેલર્સની દુકાનમાંથી ૪ લાખથી વધુ મત્તાની ઉઠાંતરી

ભરચક વિસ્તારમાં સવારના અગીયાર વાગ્યાના અરસાનો બનાવ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરમાં ચોર, લુંટારાઓ, અને ઉઠાંતરી કરનાર શખ્સો બેફામ બની ગયા છે. ચોર ઈસમો ધોળા દિવસે ઘટનાને અંજામ આપી પોલીસને પડકાર ફેકતા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે શહેરના ભરચક ગણાતા સેકટર-૨૪ માં જવેલર્સની દુકાનમાં સોનુ ખરીદવા આવેલા બે શખ્સો રૂ.૬૦ હજાર રોકડા અને રીપેરીંગ માટે આવેલા દાગીના સહિત કુલ રૂ. ૪.૫૦ લાખથી વધુની મત્તાની ઉઠાંતરી કરી ફરાર થઈ ગયા છે. બનાવ અંગે પોલીસે જાણવા જોગ ફરીયાદ નોંધી હોવાનું જાણવા મળ્યું છે. પરંતુ પોલીસ તંત્રના અધિકારીઓ આ ઘટનાને લઈ કંઈ પણ કહેવા તૈયાર નથી.

અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગ-૬ થી કોલવડા રોડ પર સેકટર-૨૪ ખાતે આવેલી રાધીકા જવેલર્સના માલિક યોગેશભાઈ સવારના સમયે પોતાની દુકાનમાં હાજર હતા. ત્યારે સાડા અગીયાર વાગ્યાના અરસામાં એક ઈસમ આવ્યો હતો. તેણે યોગેશભાઈ પાસે સોનાની ચુની માંગી હતી. ત્યારબાદ તે બીજી વિવિધ ચીજવસ્તુઓ જોવા લાગ્યો હતો અને ભાવતાલ કરવા માંડ્યો હતો. તે સમયે યોગેશભાઈએ કબાટનું ખાનું ખોલ્યું તો તેમા હાથ નાંખીને આ વસ્તુ બતાવો, પેલી વસ્તુ બતાવો જેવી વાત કરી રહ્યો હતો. તે સમયે બીજો ઈસમ પણ આવી ગયો હતો, બંન્ને થોડીવાર દાગીના જોયા બાદ એક ઈસમ ત્યાંથી બહાર નીકળી ગયો હતો તો તેની પાછળ બીજો ઈસમ પણ આવુ છુ કહીને દુકાનમાંથી નીકળી ગયો હતો. યોગેશભાઈ બે-ચાર મિનિટ શું થયુ એ પણ સમજી શકયા ન હોતા. પાંચ મિનિટ પછી દુકાનમાંથી કંઈક ગયુ હોવાના અંદેશા સાથે તેઓ બહાર આવ્યા હતા અને આજુબાજુમાં નાગરીકોને પુછયું તો પોતાની સાથે શુ થયું તે પણ યોગેશભાઈ સમજી શક્યા ન હોતા. થોડીવાર પછી જાણવા મળ્યું કે ઉતાવળમાં આવેલા બંન્ને શખ્સો બાઈક પર જતા રહ્યા હતા. બંન્ને ગઠીયા દુકાનમાંથી રોકડ રૂ.૬૦ હજાર અને દાગીના મળી કુલ રૂ. ૪.૫૦ લાખથી વધુની ઉઠાંતરી કરતા બનાવ અંગે યોગેશભાઈએ પોલીસને જાણ કરી હતી. મળતી વિગત મુજબ પોલીસે જાણવા જોગ નોંધ કરી તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

ખ રોડથી ટી.પી.-૯ તરફનો એક માત્ર માર્ગ ટ્રાફીકથી ત્રસ્ત

સવાર અને સાંજે ભારે સમસ્યા, ટીપી-૯ વસાહત મંડળે સત્તાધીશોને કરેલી રજુઆતનું પરિણામ શૂન્ય, અકસ્માતોની સંખ્યામાં સતત વધારો

ગાંધીનગર, તા.૧૦

ન્યુ ગાંધીનગરનો ખ રોડ ઉપર આવલો ટીપી-૯ વિસ્તાર દિન પ્રતિદિન વિકસતો જઈ રહ્યો છે. આ ટીપી-૯માં ખ રોડ ઉપરથી જવા માટેનો એક માત્ર માર્ગ ભરચક ટ્રાફીક થકી ત્રસ્ત બન્યો છે. ઓફીસ જવા આવવાના સમયે સતત ટ્રાફીક થકી જામ બની જતી આ ચોકડી ઉપર એક પણ ટ્રાફીક પોઈન્ટ ન હોવાથી વાહનચાલકો જાતે ટ્રાફીક દૂર કરી સમસ્યાનું સમાધાન કરી લે છે. જો કે આ કારણે અહીં અકસ્માતોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ટીપી-૯ વસાહત મંડળે સત્તાધીશોને લેખિતમાં રજુઆત કરી યોગ્ય ઉપાયની માંગણી કરી છે.

સરગાસણ ચાર રસ્તાથી ખ રોડ તરફ જઈ રહેલા છ માર્ગીય રસ્તા ઉપર થોડેક જ આગળ ટીપી-૯ની વસાહતો વળાંક છે. આશરે ૧૫૦૦૦થી વધુ વસ્તી ધરાવતા આ વિસ્તારના વાહનચાલકો આ માર્ગનો વિશેષ તરફ જવાનો એક માત્ર માર્ગનો ઉપયોગ કરે છે. પરંતુ મુખ્ય માર્ગનો ટ્રાફીક અને ટીપી-૯ વસાહતનો ટ્રાફીક બંને આ ચાર રસ્તાએ ભેગા થઈ જતાં ટ્રાફીકની ભારે સમસ્યા સર્જાઈ રહી છે. વધુમાં બિલ્ડરો દ્વારા ટીપી-૯ વસાહતમાં અનેક નવીન સ્કીમો બંધાઈ રહી છે જે માટે દૈનિક મોટી સંખ્યામાં ટ્રકોની અવરજવર પણ રહે છે. જેથી ઓફીસ જવા-આવવાના સમયે ચો-તરફથી વાહનોનો જમેલો થઈ જતા અહીં ટ્રાફીક જામના દશ્યો સર્જાય છે.

ખ રોડ ઉપરથી ટીપી-૯ વસાહત તરફ જવાના વળાંકે અનેક વખત અકસ્માતો પણ સર્જાયા છે જેમાં નિર્દોષ લોકો ઈજાગ્રસ્ત બન્યા હોવાના બનાવો બન્યા છે. આ ચાર રસ્તાએ ટ્રાફીક પોઈન્ટ મુકી સમસ્યાનું કાયમી નિવારણ લાવવા ટીપી-૯ વસાહત મંડળે કલેકટર કચેરી સુધી લેખિતમાં રજુઆત કરેલી છે છતાં ન્યુ ગાંધીનગરના આ વિકસીત વિસ્તાર તરફે સત્તાધીશોએ આંખ આડા કાન કરેલા છે. ગાંધીનગરનો જ ભાગ ગણાતા અને વિકાસની કેડી ઉપર ગાંધીનગરનું નામ રોશન કરતા આ વિસ્તારમાં સમસ્યાઓની ભરમાર છે પરંતુ તેમાં સૌથી વધુ ટ્રાફીક સમસ્યા હાલમાં સૌ કોઈને મુંઝવી રહી છે જેમાં ટ્રાફીક થકી સંબંધો પણ બગડી રહ્યા હોવાના દાવા થઈ રહ્યા છે ત્યારે તંત્ર આ અંગે યોગ્ય નિવારણ લાવે તેવી માંગ ઉઠી છે.

અવસાન નોંધ

સોરઠીય શ્રીગૌડ બ્રાહ્મણ સ્વ. દેવેન્દ્રવિજય રતિલાલ પુરોહિત (નિવૃત્ત સેકશન ઓફિસર માર્ગ અને મકાન)નું બેસણું આજે શનિવાર સાંજે ૫ થી ૬કલાક દરમિયાન બ્લોક નં. ૧૦૨૯, સેકટર-૪-એ ગાંધીનગર ખાતે યોજાશે.

ચિરવિદાય

- સ્વ. શાહ રજનીકાબેન બાબુલાલ, ઉ.વ. ૭૫
- સ્વ. ઠાકોર સંજયજી લાલાજી, ઉ.વ. ૨૩
- સ્વ. ઠાકોર મહેશજી પ્રહલાદજી, ઉ.વ. ૩૦